# પ્રેસનોટ

## “નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા “નિર્મળ ગુજરાત ૨.૦” લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા “નિર્મળ ગુજરાત ૨.૦” નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૬/૨૦૨૪થીતા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાSHG ગ્રુપના સહયોગથી શહેરમાં કચરાના વર્ગીકરણની સમજણ આપવાની કામગીરી હાથધરવામાં આવેલ હતી.

આ ઝુંબેશ દરમ્યાન તમામ ઝોનની તમામ વોર્ડ ઓફીસ દ્વારા તેમની આસપાસના તમામ રેસિડન્સ એરિયા, કોમર્શીયલ એરિયામાં SHG ગ્રુપના સહયોગથી કચરાના વર્ગીકરણ કરવા અને તેની સમજણ આપવાની ડ્રાઈવ હાથ ધરી તેની આજુબાજુના વિસ્તારમાં ગ્રુપ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.જેમાં  તમામ ઝોનમાં કુલ૯૧૬ સફાઈ કામદાર/બેલદાર, ૭૦ સુપરવાઈઝર,૫૨ વાહનો દ્વારાનાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ૫૧૪૦લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ૫૦.૧૭મે.ટન કચરો અને ૧૩મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ ૮૦ ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૧૪૫ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૧૭૮ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

ઉપરાંત આઆવતીકાલ તા.૧૧-૦૬-૨૦૨૪ ના રોજ પણઆ જ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૦
તા.૧૦/૦૬/૨૦૨૪